ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૬-૨૦૧૫, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### સિગારેટના છૂટક વેચાણ પર પ્રતિબંધ આવકારદાયક


સિગારેટનું વેચાણ ઓછું કરવાના ઇરાદાથી કેટલીક રાજય સરકારોએ એના છૂટક વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દીધેલ છે. આમ તો કેન્દ્ર સરકારે છેક ૨૦03ની સાલમ્ સિગારેટના છૂટક વેચાણ પર પ્રતિબંદ લાદતો કાયદો પસાર કરી દીધો હતો પરંતુ રાજય સરકારો આ સ્વર્ગની સીડી ગણાતી ધોળી બીડીના વેચાણથી મળતી અઢલક આવક ગુમાવવા રાજી હોય એમ લાગતું નથી. ગુજરાતમાં કોઇ પણ પાનન થડા પર છૂટક સિગારેટ મળી રહે છે. અત્યાર સુધી કાનૂની ઢબે છૂટક વેચાણ પર ફક્ત કેન્દ્રશાસિત ચંડીગઢ, પંજાબ, હિમાચલ અને રાજસ્થાન સરકાર દ્વારા પ્રતિબંધ અમલમાં હતો. છેલ્લે મહારાષ્ટ્ર સરકારે એનો અમલ કરતાં હવે ગુજરાત સહિત અન્ય કેટલાંક રાજયો પણ એ દિશામાં સક્રિય વિચારણાં કરતાં થયાં છે તે જરુર આશ્વાસન રુપ ડેવલપમેન્ટ ગણાશે. એક સર્વેક્ષણ મુજબ દેશમાં વરસે દહાડે ૧૦૨ અબજ સિગારેટો વેચાય છે. તમાકુથી થતા કેન્સરના કેસ પણ સૌથી વધુ ભારતમાં જ નોંધાય છે. સિગારેટનાં પેકેટ પર ધ્રુમપાન તબિયત માટે હાનિકારક હોવાની ચેતવણી એ ચેતવણી ઝીણા અક્ષરે અંગ્રેજીમાં છપાતી હતી. અદાલતે સરકાર અને સિગાર ઉત્પાદકોને એ ચેતવણી વધુ સુવાચ્ય રીતે છાપવા ઉપરાંત પેકેટ પર તમાકું સેવનથી થતાં મોઢાના કેન્સર વાળી તસ્વીરો ચાળીસ ટકા જગ્યા રોકે એ રીતે છાપવાનો આદેસ કર્યા પછી પણ સિગારેટના વેચાણમાં નોંધપાત્ર ફરક નથી પડ્યો, એનું એક કારણ એ છે કે મોટા ભાગના મધ્યમ અને નીચલા થરના સિગારેટ પીનારાઓ આખું પેકેટ ખરીદતા જ નથી હોતા. તેઓ જરૂરિયાત મુજબ પાનના ગલ્લે કે અન્ય સ્થળે પહોંચી જઇ છૂટક સિગારેટ ખરીદી લે છે. દર વર્ષે બજેટમાં સિગારેટ પર વધુ ને વધુ કર ઝીંકાતો હોઇ લોકોને મોંઘુદાટ આખું પેકેટ ખરીદવા કરતાં છૂટક સિગારેટ ખરીદવી જ વધુ અનુકૂળ રહે છે. છૂટક સિગારેટ પર આરોગ્યલક્ષી ચેતવણી નથી હોતી, એટલે અદાલતોના નૈતિક દબાણનો અમલ કર્યા પછી પણ તમાકુ લોબીને ઘીકેળાં જ રહ્યાં કરે છે ઘણા લોકો અજ્ઞાનવશ આવી ચેતવણીને પણ ઘોળીને પી જતા હોય છે. વ્યસની વ્યક્તિ વ્યસનની એવી ગુલામ બની જતો હોય છે કે એને વ્યસનથી થનાર નુકસાન વિશેની કોઇ પણ દલીલ ગમતી નથી. એ સામેથી બમણાં જોશપૂર્વક વ્યસનનો બચાવ કરવા મંડી પડે છે કે પેલાં ઉબકા આવે એવાં બીભત્સ ચિત્રો સામે નજર સુદ્ધાં કરતાં નથી. ઊલટા સરકારને જ ઊધડો લેવા લાગે છે. પોતાની આસપાસ જિંદગીમાં બીડી-તમાકુને સ્પર્શ નહીં કરનારને પણ કેન્સર થયું હોવાના દાખલા ગણાવવા લાગે છે. વળી એમની જીભે જીવનમરણની ફિલસૂફી પ્રગટ થઇ રહે છે તે લટકામાં : આ જગતમાં કોણ અમરપાટો લઇને આવ્યું છે? જીવનમરણનો દોર તો ઉપરવાળાના હાથમાં હોય છે વગેરે વગેરે... આવા સંજોગોમાં વૈજ્ઞાનિક અભિગમ સાથે જીવવાની શિખામણ બહેરા કાને અથડાય તે સ્વાભાવિક છે. તેથી કલ્યાણરાજની સંકલ્પનાવાળા દેશમાં સરકારની ફરજ બની રહે કે સ્વાસ્થ્યને હાનિ પહોંચાડનારાં નશીલાં દ્રવ્યો પર સખત નિયંત્રણ લાદીને એ પ્રજા સુધી પહોંચી જ ન શકે, એવી વ્યવસ્થા કરે.

# શિક્ષણ બોર્ડ કમિટીઓ બોલાવવાને બદલે સોમનાથ સ્કૂલની માન્યતા રદ કરે

## સંચાલકો ભાજપના સદસ્યો હોવાથી બોર્ડના હાથ ફફડી રહ્યા છે : એનએસયુઆઈ

ગાંધીનગર, તા. ૯

માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જય સોમનાથ સ્કૂલ સામે પગલા લેવામાં આવતા નથી. સમગ્ર મામલા પાછળ ઢાંક પિછાડો કરવામાં આવે છે. શાળાના ટ્રસ્ટીઓ ભાજપના સદસ્યો હોવાથી બચાવવામાં આવી રહ્યા છે. શાળા સંચાલકો સામે એફઆઈઆર નોંધી કાયદેસરના પગલા લેવા એનએસયુઆઈએ માંગ કરી છે.



ગુજરાતનું શિક્ષણ ખાડે ગયુ હોય તેવા ચિત્રો સામે આવી રહ્યા છે. મણીનગરની જય સોમનાથ સ્કૂલના સંચાલકો દ્વારા બોર્ડની પરીક્ષાનું પેપર લીક કરવામાં આવ્યું હતું. પરંતુ શિક્ષણ બોર્ડ દ્વારા આજ દિન સુધી સંચાલકો સામે કડક પગલા લેવામાં આવ્યા નથી. એન.એસ.યુ.આઈ.એ બોર્ડ સામે શંકા વ્યક્ત કરી છે.

એનએસયુઆઈએ સોમનાથ શાળાની માન્યતા રદ કરવા માટે દેખાવો કર્યા હતા. બોર્ડ કચેરીએ પ્લેકાર્ડ દર્શાવી વિરોધ નોંધાવ્યો હતો. જેમાં લખ્યું હતું કે યે હૈ સંચાલકો કે અચ્છે દિન, શિક્ષણ મંત્રી શરમ કરે ના નારાઓ લગાવી ધારદાર રજૂઆત કરી હતી.

બોર્ડ નિર્ણય લેવા માટે શા માટે મગનું નામ મરી પાડતુ નથી. એક નિર્ણય લેવા શા માટે વારંવાર કમિટી બોલાવવામાં આવે છે, સંચાલકો ભાજપના સદસ્યો હોવાના કારણે અધિકારીઓની



કલમ માન્યતા રદ કરવા માટે ઉપડતી નથી. કે સરકાર પોતાના સભ્યોના કૌભાંડો છુપાવવા માંગે છે. કારોબારી ઝડપથી નિર્ણય લે અને શાળાની માન્યતા રદ કરી અન્ય વિદ્યાર્થીઓને થતો અન્યાય અટકાવે તેમજ બોર્ડ સંચાલકો વિરૂદ્ધ એફ.આઈ.આર. દાખલ કરી કાયદેસરના પગલા લે તેવી માંગણી કરી હતી. વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં એન.એસ.યુ.આઈ.ના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# આજથી ગુજ.યુનિ.ની બી.એડ. કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

## પ્રવેશ પ્રક્રિયા ૧૨મી જૂન સુધી ચાલશે : પ્રવેશ કાર્યક્રમમાં હાજર રહેવા માટે વિદ્યાર્થીઓને જાણ કરી દેવામાં આવશે

અમદાવાદ, તા.૯

ગુજરાત યુનિવર્સિટી સલગ્ન બીએડ કોલેજોમાં પ્રવેશ માટેની કાર્યવાહી આવતીકાલથી હાથ ધરવામાં આવશે. આ પ્રવેશ કાર્યવાહી ૧૨ જુન સુધી ચાલશે જેના કારણે જે તે દિવસે પ્રવેશ કાર્યવાહીમાં હાજર રહેવા માટે વિદ્યાર્થીઓને ગુજરાત યુનિવર્સિટી દ્વારા એસએમએસથી જાણ કરી દેવામાં આવી છે. અત્યાર સુધી બીએડ પ્રવેશ માટે ૧૭૦૦થી વધુ વિદ્યાર્થીઓઓ ફોર્મ ભર્યા હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી સલગ્ન ૯૨ બીએડ કોલેજોની ૪૬૦૦ બેઠકો ઉપર આવતીકાલથી પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

બીએડનો અભ્યાસક્રમ બે વર્ષનો કર્યા બાદ દરેક કોલેજને માત્ર ૫૦ ટકા બેઠકો ઉપર જ વિદ્યાર્થીઓ ફાળવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેના કારણે આ કોલેજોની ૯ હજારથી વધુ બેઠકો પૈકી માત્ર ૪૬૦૦ બેઠકો ઉપર પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જો કે આ બેઠકો ઉપર પ્રવેશ મેળવવા માટે માત્ર ૧૭૦૦ વિદ્યાર્થીઓએજ ફોર્મ ભર્યા હોવાથી મોટાભાગની બેઠકો ખાલી રહે તેવી શકયતા છે. ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા એસએમએસ કરીનો પ્રવેશ કાર્યવાહીની જાણ કરી દેવામાં આવી છે. આવતીકાલે પ્રવેશ કાર્યવાહીના પ્રથમ દિવસે રાજયની અન્ય યુનિવર્સિટીઓ અને રાજય બહારની યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓને પ્રવેશ માટે બોલાવવામાં આવ્યા છે. ત્યાર બાદ ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓને વિષય પ્રમાણે કોલેજની ફાળવણી કરવામાં આવશે. યુનિવર્સિટી દ્વારા દરેક કોલેજને ૫૦ ટકા બેઠકો ફાળવવામાં આવી છે છથાં કેટલીક કોલેજોએ કાઉન્સિલ પાસેથી ૧૦૦ ટકા બેઠકોની મંજૂરી મેળવી લીધી હોવાથી આ કોલેજોની ૧૦૦ બેઠકો ઉપર પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પ્રવેશની કાર્યવાહીમાં ૯૩ ટકા બેઠકો ઉપર ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, પાંચ ટકા ઉપર બેઠકો ઉપર રાજયની અન્ય યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ અને બે ટકા બેઠકો ઉપર અન્ય રાજય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે બીએડ પ્રવેશમાં ફ્રેજ ગ્રેજયુએટ વિદ્યાર્થીઓને પ્રાધાન્ય અપાશે.

### પાલજની ડો. વિક્રમ સારાભાઈ વિદ્યાલયનું ૮૦ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૯

માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૫માં લેવાયેલ પરીક્ષામાં પાલજની શાળાનું શ્રેષ્ઠ પરિણામ આવ્યું છે. ગાંધીનગરની પાસેના પાલજની ડૉ. વિક્રમ સારાભાઈ વિદ્યાલયનું ધોરણ-૧૦નું ૮૦ ટકા પરીણામ આવ્યું છે. શાળા પરિવારે ખુશી વ્યકત કરી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

### સે-૧૨ સ્વામિ. વિવેકાનંદ શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૯

સેકટર-૧૨ સ્વામિ વિવેકાનંદ વિદ્યાવિહાર ધોરણ-૧૨ કોમર્સમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી ગુમાને ચાવાર્ક રાજેશભાઈએ ૯૬.૮૯ પર્સન્ટાઈલ રેન્ક મેળવ્યો છે તેમજ એકાઉન્ટન્સીમાં ૯૨ માર્ક મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. ચાવાર્કને શાળાના આચાર્ય અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

### નબળા વર્ગના વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૯

શહેરમાં વસવાટ કરતા અને આર્થિક રીતે નબળા પરિવારના વિદ્યાર્થીઓને સામાન્ય દરે શિક્ષણ સામગ્રી આપવામાં આવશે. ગરીબ પરિવારોના ધોરણ ૮ થી ૧૦માં અભ્યાસ કરતા ૨૫ વિદ્યાર્થીઓ અને ૨૫ વિદ્યાર્થીનીઓને ૧૮૦ પેજના બે ચોપડા, બે નોટબુક, એક કંપાસ, બોલપેન અને પેન્સિલ ફકત રૂ. ૫૦માં વિતરણ કરવામાં આવશે.

સવારે ૧૦ થી ૧૧ કલાક દરમિયાન સેકટર-૨-સી પ્લોટ નં. ૭૭૮/૨ 'ઘ' દોઢ પાસે વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરવામાં આવશે.

### હરિની દૃષ્ટિ...



જો કચરામાં લોકો નૂડલ્સ નાખી જશે, એ ખાઈશ નહીં, ઝેરી છે, ખાલી કોથળી જ ખાવાની, પહેલાની જેમ, એ ઓછી નુકસાન કરે છે...!!

### સચિવાલય-વિધાનસભા સચિવાલયના કર્મયોગીઓ માટે આંતર વિભાગીય રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન

**રમતમાં ભાગ લેવા નિયત પ્રવેશ ફોર્મ ૧૫મી જૂન સુધીમાં મોકલી આપવાના રહેશે**

ગાંધીનગર, તા. ૯

સામાન્ય વહીવટ વિભાગ અંતર્ગત સચિવાલય કલ્યાણ સમિતિ દ્વારા સચિવાલયના વિભાગો/ વિધાનસભા સચિવાલયમાં ફરજ બજાવતા કર્મચારીઓ-અધિકારીઓ માટે દર વર્ષે આંતર વિભાગીય રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે ચાલુ નાણાંકીય વર્ષ-૨૦૧૫-૧૬માં પણ આ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે.

ચાલુ વર્ષે યોજાનાર રમત-ગમત સ્પર્ધામાં ક્રિકેટ, વોલીબોલ, કબડ્ડીની સાંધિક રમતો, બેડમિન્ટન, ટેબલટેનિસ, ચેસ, કેરમ, તરણ, ટેનિસ, એથ્લેટીક્સ, ગીત-સંગીત સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા અને વિકલાંગો માટેની એથલેટીકસ જેવી વિવિધ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રમતમાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ નિયત નમૂનામાં ભરી સામાન્ય વહીવટ વિભાગની કલ્યાણ શાખાને આગામી ૧૫ જૂન-૨૦૧૫ સુધીમાં મોકલી આપવાના રહેશે. નિયત સમયમર્યાદામાં નહી આવેલા તથા અધુરી માહિતીવાળા પ્રવેશ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

રમત-ગમત સ્પર્ધા અંગેના સામાન્ય નિયમો, પ્રવેશ ફી, રમતોની યાદી વગેરે માહિતી સામાન્ય વહીવટ વિભાગની કલ્યાણ શાખામાં મળી રહેશે તેમ સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં જણાવાયું છે.

### મેડીકલ-પેરામેડીકલમાં પ્રવેશ માટે બુકલેટ-પીન નંબર મળશે

અમદાવાદ, તા.૯

ગુજરાતમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીણામ જાહેર થયા બાદ અત્યારે પ્રવેશનો ધમધમાટ ચાલી રહ્યો છે. ત્યારે રાજયની મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે આવતીકાલથી બુકલેટ અને પીન નંબરનું વિતરણ શરૂ કરવામાં આવશે જ્યારે ત્યાર બાદ ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયમાં વિદ્યાર્થીઓ માટે સૌથી હોટફેવરીટ ગણાતા મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની કાર્યવાહી આવતીકાલથી હાથ ધરવામાં આવશે. જે મુજબ રાજયની મેડીકલ અને પેરા મેડીકલ કોલેજોની ૧૦,૦૦૦થી વધુ બેઠકો ઉપર પ્રવેશ માટેની બુકલેટ અને પીન નંબરનું વિતરણ આવતીકાલથી શરૂ કરવામાં આવશે વિદ્યાર્થીઓ એકસીસ બેંકની ૪૧ શાળાઓમાંથી રૂપિયા ૧૮૦ ચુકવીને બુકલેટ અને પીનકોંડ મેળવી શકાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં બી સ્ટ્રીપ સાથે ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓ મેડીકલમાં પ્રવેશ માટે અરજી કરી શકશે. વિદ્યાર્થીઓ માટે આ માટે રાજયની ૧૮ મેડીકલ કોલેજોમાં ૨૭૮૦ બેઠકો ઉપલબ્ધ છે. જ્યારે ૧૩ ડેન્ટલ કોલેજોની ૧૦૯૫ બેઠકો ઉપર પ્રવેશ ફાળવવામાં આવશે તો ફીઝીયો થેરાપીની ૩૨ કોલેજોની ૧૬૮૦ બેઠકો ઉપર પ્રવેશ આપવામાં આવશે ઉલ્લેખનીય છે કે મેડીકલ અને પેરામેડીકલમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા પાસ કરેલી હોવી ફરજીયાત છે મેડીકલમાં પ્રવેશ શિક્ષણ બોર્ડના ૬૦ ટકા અને ગુજકેટના ૪૦ ટકાનાં ગુણાંકના આધારે ફાળવવામાં આવશે.

# શિક્ષણ : સૂડી વચ્ચે સોપારી કે અક્કર્મીનો પડિયો કાણો

**વિચારોના મધુવનમાં**

પ્રા. ડો. રાકેશ પટેલ

હમણાં એક આધુનિક અભ્યાસક્રમો ચલાવતી કૉલેજના આચાર્ય સાથે મુલાકાત થઈ. તેમણે ધોરણ દસ અને બારનાં પરિણામોના સંદર્ભે દુ:ખ વ્યક્ત કરતા કહ્યું કે 'આ વર્ષના પરિણામોએ ગુજરાત પ્રેમી, ગુજરાતીપ્રેમી, શિક્ષણપ્રેમી અને રાજકીય મહાનુભવોને પણ વિચારતા કરી દીધા છે. ધોરણ૧૦ માં નાપાસ થયેલા લાખો વિદ્યાર્થીઓનું કોણ? વિદ્યાર્થીઓની કેટલી જવાબદારી? કે પછી આ પરિણામ ટેબ્લેટ દેવતાની વક્રદ્રષ્ટિના કારણે નીચું આવ્યું?

આપણે ત્યાં આગ લાગે અને કૂવો ખોદવાની ટેવ લગભગ બધી જગ્યાએ જોવા મળે છે. પીટીસીની ભરતી પૂરબહારમાં હતી ત્યારે દાન આપીને પણ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી ધન્યતા અનુભવતો હતો. શું શિક્ષણ આજ રીતે ચાલશે! આપણે શિક્ષણને એક વાડી સમજીને મન ફાવે તેવા શાકભાજી, ફળફળાદી કે અનાજ ઉગાડીએ છીએ. પણ જે શિક્ષણ રૂપી ધરતીમાતા (સરસ્વતીદેવી) આ બધી જરૂરીયાતો પૂરી કરી આપે છે, તેના સ્વાસ્થ્ય વિશે વિચારવાની જરૂરી ખરી કે નહિ? તેની જીવંતતા, ચેતના, ફળદ્રુપતા વિશે કોણ ચિંતા કરશે? આપણું સદનસીબ કે આપણી પાસે શિક્ષણ ચિંતકો છે જે આ શિક્ષણ ભૂમિને ઉસર બનાવતા અટકાવે!

બાળકની મોટામાં મોટી શક્તિ કઈ? તેનો આત્મવિશ્વાસ. તે આપનાર અને વધારનાર તેના ઘરના સભ્યો છે. બાળકની શક્તિને ઓળખીને તે પ્રમાણે અભ્યાસમાં આગળ વધારવો તે માતાપિતાની જવાબદારી છે. માતાપિતાનું પ્રશિક્ષણ ખૂબ અગત્યનું છે. પરિવાર એ જ પાઠશાળા છે. બાળકને સંસ્કારથી માંડીને વ્યવહારિક બાબતો કોણ શીખવશે? અલબત્ત માબાપ જ! માતાપિતાએ સમજવાનું છે કે અંગ્રેજી માધ્યમ બાળકને કુંઠીત બનાવી ક્યાયનોય ન રહેવા દે.

જીવનને ધારક અને પોષક મૂલ્યોનું જતન અને પાલન કરવું એ મનુષ્યની પસંદગી છે. દરેક પસંદગી જવાબદારી સર્જે છે. જે સંસ્થા બેજવાબદાર બની અનિષ્ટ પસંદગીઓ કરે છે તેને તેનાં પરિણામો ભોગવવાનાં આવે જ છે. મૂલ્યશિક્ષણની ઉત્તમ સંસ્થા કુટુંબ છે. તેમાં અનાયાસપણે પ્રેમના માધ્યમથી, જીવાતાંજીવાતાં મૂલ્યવર્ધન થઈ શકે છે. કારણ કે મૂલ્યનું શિક્ષણ એ કેવળ વાણીનો નહિ, આચરણનો વિષય છે. મૂળભૂત મૂલ્યોને કેટલીકવાર માનવીય ગુણોરૂપે પણ ઓળખવામાં આવે છે. મૂલ્યો એ ઉપદેશની નહિ, આચરણની બાબત છે. કુટુંબમાં એ સૌથી ઉત્તમ રીતે થઈ શકે. ધર્મસંસ્થાનું મુખ્ય કાર્ય મૂળભૂત મૂલ્યો પ્રતિ મનુષ્યને વાળવો તે છે. મૂળભૂત મૂલ્યોના પ્રકાશમાં કેવું જીવન ઈષ્ટ ગણાય તે ધર્મસંસ્થા દર્શાવી શકે. ધર્મસંસ્થાના પાયામાં ઉચ્ચ અને ઈષ્ટ જીવન જીવનારાં સ્ત્રીપુરુષો હોય છે. આજની દંભી, દેખાડામાં રાચનારી, સ્વકેન્દ્રી ધર્મસંસ્થાઓ મૂલ્યશિક્ષણનું કાર્ય નહિ કરી શકે. કહી તો એમ શકાય કે એમનું પોતાનું આચરણ જ મૂલ્યવિરોધી છે. જો કે ધર્મસંસ્થાનું આ ઉત્કૃષ્ટ સ્વરૂપ નથી. પ્રામાણિક ધર્મસંસ્થા મૂલ્યસંવર્ધનમાં અગત્યનો ફાળો આપી શકે.

સ્વામી વિવેકાનંદ મુજબ નૈતિક શિક્ષણ વ્યક્તિના આચરણને સદાચારી બનાવે છે અને તેની બુદ્ધિમત્તાને વિકસાવે છે. નૈતિકતા એ વ્યક્તિની જીવનના વિવિધ ક્ષેત્રે કેળવાતો એક અભિગમ છે. શિક્ષણ એવું હોય જે વ્યક્તિના અભિગમ, લાગણીઓ અને ચારિત્ર્યને સાચી દિશા ચીંધી શકે. વ્યક્તિના જ્ઞાનાત્મક, ભાવનાત્મક અને કાર્યક્ષમતાની સાથે વ્યક્તિ વિકાસને સંલગ્ન શારીરિક, માનસિક, આર્થિક, સામાજીક, રાજકીય, સાંસ્કૃતિક, નૈતિક અને આધ્યાત્મિક જેવાં દરેક પાસાંઓને આવરી લે એવું શિક્ષણનું પરિરુપ હોવું જોઈએ. દરેક નાગરિકના આંતરિક અને બાહ્ય વ્યક્તિત્વને સંપૂર્ણપણે વિકસાવે એ જ સાચું શિક્ષણ, જેનો આધાર વિવિધ ધર્મોમાં સામ્યતા ધરાવતા નૈતિક મૂલ્યોની સામ્યતા પર હોય. વ્યક્તિ હેતુસર વિતાવવા સક્ષમ બને અને સમાજ પ્રત્યેની જવાબદારી પરિપૂર્ણ કરી શકે તો આપણું શિક્ષણ સાર્થક કહેવાય.

ડૉ. રાધાકૃષ્ણ, ગાંધીજી અને ટાગોર જેવા મહાપુરુષોએ એ વાત પર ભાર મૂક્યો કે શિક્ષણ એવું હોય જે વ્યક્તિ અને સમાજને નૈતિકતા થકી આધ્યાત્મિકતાના મૂલ્યો શીખવે. દરેક વ્યક્તિ એ વાત પ્રત્યે સભાન હોય કે તે પોતાની જાત માટે, તેના માતાપિતા અને કુટુંબ માટે, પડોશી અને સમાજ માટે ઈશ્વર સામે ઉત્તરદાયી છે. સમાજસેવા, સંવેદનશીલતા અને સહાનુભૂતિ સાથ સહકારની ભાવના, બલિદાન અને સદાચારનો શિક્ષણમાં સમાવેશ થવો જોઈએ. નૈતિક શિક્ષણમાં નીચેની બાબતોનો સમાવેશ કરી શકાય : વ્યક્તિત્વનો સંપૂર્ણ વિકાસ અને સદાચારી ચરિત્ર., માનસિક, શારીરિક અને આધ્યાત્મિક પ્રશિક્ષણ. સંસ્કૃતિ અને ટેકનોલોજીનો ઉમદા હેતુસર સમન્વય. એવા ધ્યેયની પ્રાપ્તિજે વ્યક્તિ અને સમાજને ભય, જડતા, અજ્ઞાનતા, લાલચ અને અંધશ્રદ્ધાથી મુક્તિ અપાવે. વ્યક્તિત્વનો એવો વિકાસ જેમાં આત્મનિરીક્ષણ મહત્વપૂર્ણ સિદ્ધાંત હોય.

આપણા શિક્ષણકારોનું કહેવું છે કે 'આપણી પાસે મનોબળ છે પણ સહાનુભુતિ નથી, સંસાધનો છે પણ ઈશ્વરને ભૂલાવી દીધો છે, ગતિ છે પણ દિશા નથી, ધર્મ છે પરંતુ અધ્યાત્મિક્તાની પવિત્રતાનો અભાવ છે. ભારત દેશની સાથે સમગ્ર વિશ્વ આ અરાજકતાનો ભોગ બન્યું છે . નૈતિકતામાં પતનની તરફ દોટ મૂકેલી વિશ્વની આ પરિસ્થિતિ જોતાં UNESCO એ નૈતિક શિક્ષણ માટેના કેટલાક સૂચનો આપ્યા. બાળકના ચારિત્ર્ય અને વ્યક્તિત્વના વિકાસ માટે નૈતિકતા અને આધ્યાત્મિકતાનું શિક્ષણ આપવું એ કુટુંબ અને સમાજની જવાબદારી છે. **(The central Board of Education, 1943-45)** નૈતિકતા અને અદ્યાત્મિક્તાનું શિક્ષણ ઉચ્ચ વિદ્યાલયોમાં ફરજીયાત હોવું જોઈએ. **(The University Education, 1948)** નૈતિક અને ધાર્મિક શિક્ષણનો ઉચ્ચ વિદ્યાલયોના અભ્યાસક્રમોમાં સમાવેશ થવો જોઈએ. **(Shree Prakash Committee of Religious and Moral Education, 1958)** વિજ્ઞાનને પ્રમુખ વિષય તરીકે ભણતા વિદ્યાર્થીઓ માટે સામાજીક વિજ્ઞાન અને ભારતીય સંસ્કૃતિને લગતા વિષયો ફરજીયાત હોવા જોઈએ જેમ સામાજીક વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે સામાન્ય વિજ્ઞાનનો તેમના વિષયોમાં સમાવેશ કરવામાં આવે છે. **(The Committee on Emotional Integration, 1961) * The Indian Education Commission** એ ૧૯૬૪-૬૬માં નૈતિક, સામાજીક અને આધ્યાત્મિક શિક્ષણને દરેક સ્તરે ફરજીયાત બનાવવાના સૂચનો કર્યા હતા. ૧૯૭૨માં **UNESCO** એ આંતરરાષ્ટ્રીય કમિશનની રીપોર્ટમાં વૈશ્વિક શાંતિ, આંતરરાષ્ટ્રીય સમજબૂઝ અને આંતરરાષ્ટ્રીય એક્તાને શિક્ષણ વ્યવસ્થામાં અનિવાર્યપણે સમાવેશ કરવાનું સૂચન કર્યું હતું. **National Moral Education Conference (1981)** ના કેટલાક ઠરાવો આ પ્રમાણે હતા : વિદ્યાર્થીઓમાં નૈતિક અને સામાજિક મૂલ્યોનું સિંચન કરવા અને સમાજના જવાબદાર નાગરિક બનાવવા માટે દરેક શાળામાં ઉચ્ચતર માધ્યમિક સુધીના અભ્યાસક્રમોમાં નૈતિક શિક્ષણનો સમાવેશ કરવો. નૈતિક શિક્ષણ માટે અલગથી વિષયનો પ્રબંધ કરવો. દરેક ધર્મમાં સામ્યતા ધરાવતાં નૈતિક મૂલ્યોનો અભ્યાસક્રમોમાં સમાવેશ કરવો જેથી વિદ્યાર્થીઓમાં એકતાની ભાવના પેદા થાય. રાષ્ટ્રીય એક્તા અને પરસ્પરની સહાનુભૂતિ ઉત્પન્ન કરવાના હેતુસર નૈતિક શિક્ષણમાં મુખ્યત્વે આપણાં દેશમાં પ્રવર્તતા દરેક ધર્મોની વાર્તાઓ, ઉદાહરણો અને બનાવોનો સમાવેશ થવો જોઈએ. દરેક ધર્મોના તલનાત્મક અભ્યાસનો પણ સમાવેશ કરવામાં આવે જેથી સામાજીક સંવાદ ઉભો થાય. પરસ્પરની સહાનૂભિત કેળવાય અને ધર્મ પ્રત્યેની સંકુચિત માનસિકતા દૂર થાય. રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિ (૧૯૮૧)માં એ વાત પર ખાસ ભાર મુક્યો કે શિક્ષણ વ્યવસ્થામાં એવા ફેરફારો કરવામાં આવે કે જેથી સામાજીક અને નૈતિક મૂલ્યોના પ્રશિક્ષણ માટે શિક્ષણનો મજબૂત માધ્યમ તરીકે ઉપયોગ થાય. આ રીતે મોટા ભાગની શૈક્ષણિક કમિટીઓ અને કમીશનોએ નૈતિક શિક્ષણને આટલું મહત્વ આપ્યું હોવા છતા આ સૂચનો અને ઠરાવોને અમલમાં મૂકવા કોઈ ખાસ પ્રયત્નો થયા નથી. શિક્ષણની ગુણવત્તા અને જ્ઞાનનાં સ્ત્રોત વધારવા માટે ઘણાં પગલાં લેવાયા. વર્લ્ડ બેંકથી ૧૯૯૪૯૫માં ૧૪૯ જિલ્લામાં ઉછડની યોજના અમલમાં મૂકવામાં આવી. આધુનિક સ્ત્રોત દ્વારા શિક્ષણનો વ્યાપ વધારવા શિક્ષણનીતિઓમાં રચનાત્મક ફેરફાર કરવામાં આવ્યા. જેને કારણે શિક્ષણક્ષેત્રે સંતોષકારક બદલાવ આવ્યો પરંતુ શિક્ષિત નવયુવાનોના ચારિત્ર અને શિષ્ટાચારનો પ્રશ્ન હજુ જેમનો તેમ છે.

શિક્ષણનો મૂળભૂત હેતુ માનવને સંતુલિત વ્યક્તિત્વ ધરાવતો સમાજ સ્વીકૃત નાગરિક બનાવવાનો છે. જે દેશ અને વિશ્વને ઉન્નતિના માર્ગે લઈ જઈ શકે. આવા વ્યક્તિત્વના વિકાસ માટે નૈતિક શિક્ષણએ શિક્ષણનું અવિભાજય અંગ છે. નૈતિક શિક્ષણમાં મનુષ્યના ચારિત્ર્યની પવિત્રતા અને તેના વ્યક્તિત્વનો વિકાસ, શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે સ્વસ્થ બનાવવાની પ્રક્રિયા, સંસ્કૃતિ અને વિજ્ઞાનને સંકલિત કરવાની શોધ તેમજ ભય જડતા, અંધશ્રદ્ધા અને અજ્ઞાનતામાંથી મનુષ્યને મુક્ત કરવાની પ્રક્રિયાનો સમાવેશ થઈ શકે. સાચું શિક્ષણ એ વિજ્ઞાન અને નૈતિકતાના સુમેળ સમન્વયનું નામ છે. શિક્ષણ વ્યવસ્થા એવી હોવી જોઈએ જે દરેક પ્રકારના અવરોધોને દૂર કરી મનુષ્યને શ્રેષ્ઠ બુદ્ધિમત્તા અને આત્મગૌરવ સાથે તેના ઉત્તરદાયિત્વ માટે તૈયાર કરે. ડૉ. ડી.એસ. કોઠારીના કહેવા મુજબ આજે વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રગતિ કરી રહ્યા છે જયારે વિદ્વતા અને ડહાપણની અધોગતિ થઈ રહી છે. જ્ઞાન વધી રહ્યું છે પરંતુ વ્યક્તિત્વનું પતન થઈ રહ્યું છે જેને કારણે ઘણાં ક્ષેત્રે અસંતુલન ઉભા થઈ રહ્યા છે અને આપણે વિવિધ આફતોનો સામનો કરી રહ્યા છીએ. આ પરિસ્થિતિ એ આપણને આપણી શિક્ષણવ્યવસ્થા પર ઊંડાણપૂર્વક વિચારવા પર મજબૂર કર્યા છે. તો ચાલો શિક્ષણ માટે આપણે અણિશુદ્ધ પરિશુદ્ધ બનીએ.